# શ્રી અરવિંદ



એક દિવસ વહેલી સવારે મહારાજા ઘોડા ઉપર બેસીને ફરવા નીકળ્યા હતા. તે સમયે શ્રીઅરવિન્દ પણ ચાલતા ફરવા નીકળ્યા હતા. મહારાજા ઘોડા ઉપર હતા એટલે તેઓ શ્રી અરવિન્દથી આગળ નીકળી ગયા. રસ્તામાં તેમણે એક ડોશીમાને ઊભેલાં જોયા. તેમની પાસે છાણથી ભરેલો સૂંડલો પડયો હતો. તેઓ રાહ જોઈ રહ્યાં હતાં કે કોઈ આવે તો તેને આ સૂંડલો ચઢાવવામાં મદદ કરે. મહારાજએ આ જોયું ને તેઓ ઘોડા ઉપરથી નીચે ઊતર્યા અને તેમણે માજીને સૂંડલો ચઢાવવામાં મદદ કરી. માજી જાણતાં ન હતાં કે સૂંડલો ચઢાવનાર વડોદરાના મહારાજા છે. તેમણે તો "ભાઈ, ભગવાન તારૂં ભલું કરે ને તારી વાડી લીલી રાખે" એવા આર્શીવાદ આપ્યા ને ધીમે ધીમે પછી ચાલવા લાગ્યાં. શ્રી અરવિન્દ પાછળ આવી રહ્યા હતા એટલે મહારાજા તેમની સામે જોઈને હસ્યા. પણ શ્રી અરવિન્દ કંઈ જ બોલ્યા નહીં. માત્ર સ્મિત કર્યું આથી મહારાજાએ એમને પૂછયું : "કેમ મિ. ઘોષ તમને મારૂં આ કામ ગમ્યું નહીં"?

"મહારાજા સાહેબ, આપે એક ગરીબ વૃદ્ધાને છાણનો સૂંડલો ચઢાવવામાં મદદ કરી એ કામ સારૂં તો છે જ, પણ હું વિચાર કરી રહ્યો હતો કે મહારાજનું સાચું કામ કયું ? સૂંડલો ચઢાવવાનું કે સૂંડલો ઉતરાવવાનું "? અને ચતુર મહારાજા શ્રી અરવિન્દની આ ટકોર સમજી ગયા. તુરત જ ઘોડા ઉપર બેસીને તેઓ તે માજી પાસે પહોંચી ગયા ને તેમનું નામ-ઠેકાણું જાણી લીધું. બીજે દિવસે તેમને દરબારમાં બોલાવીને તેમને રહેવા ઘર આપ્યું ને આજીવન વર્ષાસન બાંધી આપ્યું. તે વખતે શ્રી અરવિન્દે મહારાજાને કહ્યું ; "હવે આપનું આ સાચું કામ કહેવાય !"